Toppersnotes
Unleash the topper in you

# ગુજરાત

## સબ ઇન્સ્પેક્ટર

Gujarat Police Recruitment Board

ભાગ - 1

(પેપર 1)

**ગુજરાત ભૂગોળ, ઇતિહાસ, પંચાયતી રાજ, ગણિત અને તાર્કિક કસોટી**

SIERRA
INNOVATIONS

# અનુક્રમણિકા


| ગુજરાત ભૂગોળ | | |
|---|---|---|
| 1. | ભૂગોળનો સામાન્ય પરિચય, ગુજરાતનું સ્થાન, સીમા, વિસ્તાર, જિલ્લાનું વર્ગીકરણ | 1 |
| 2. | ગુજરાતનું ભૂપૃષ્ઠ ગુજરાતનો ડુંગરાળ પ્રદેશ (કચ્છ અને સોરાષ્ટ્ર) | 10 |
| 3. | ગુજરાતના ડુંગર ( તળ ગુજરાત) અને ઉચ્ચપદેશ | 17 |
| 4. | કચછનો રણપદેશ અને ગુજરાતના મેદાની પ્રદેશો | 22 |
| 5. | ગુજરાતના ભોગોલિક પ્રદેશો અને દરિયાકિનારો | 26 |
| 6. | દરિયા કિનારો | 32 |
| 7. | ગુજરાતનું નદીતંત્ર (ભાગ - 1) | 38 |
| 8. | ગુજરાતનું નદીતંગ્ર (ભાગ-2) | 49 |
| 9. | ગુજરાતની આબોહવા અને જંગલ સંપતિ | 59 |
| 10. | ગુજરાતનાં પ્રાણી, પશુસંપત્તિ અને તેને લગતાં ઉધોગ તથા પરિવહન | 65 |
| 11. | ગુજરાત : જમીન સંપતિ અને કૃષિસંપતિ | 76 |
| 12. | ખનીજ સંપતિ અને સંચાલન શક્તિનાં સાધનો અને ગુજરાતના ઉધોગો | 86 |
| **ઇતિહાસ** | | |
| 13. | ગુજરાતનો પ્રાગ ઐતિહાસિક કાળ અને સિંધુ સંસ્કૃતિ | 98 |
| 14. | પ્રાગ મોર્યકાળ, અનુમોર્યકાળ, શક-ક્ષપ્રપ કાળ | 105 |
| 15. | ગુજરાતમાં ગુપ્ત સામાજ્ય, મેત્રક તથા અનુમેત્રક અને ચાવડા વંશ | 109 |
| 16. | સોલંકી વંશ, વાઘેલા વંશ તથા સમકાલીન રાજ્યો | 114 |
| 17. | મધ્યકાલીન ઇતિહાસ : ગુજરાતમાં મુસ્લિમ સત્તાની શરૂઆત | 123 |
| 18. | મુઘલ-મરાઠા કાળ તથા 1857ના વિપ્લવ પહેલાંનું ગુજરાત અને નવજાગૃતિ | 131 |
| 19. | 1857નો વિપ્લવ તથા ગાંધીયુગ પૂર્વેનું ગુજરાત | 138 |
| 20. | ગાંધીયુગ-1 | 145 |
| 21. | ગાંધીયુગ-2 | 150 |
| 22. | આરજી હકૂમત અને મહાગુજરાત આંદોલન | 158 |

| પંચાયતી રાજ | | |
|---|---|---|
| 23. | પંચાયતી રાજનો ઇતિહાસ | 161 |
| 24. | ગ્રામપંચાયત | 166 |
| 25. | તાલુકા પંચાયત | 173 |
| 26. | જિલ્લા પંચાયત | 178 |
| 27. | શહેરી વિસ્તારની સ્થાનિક સવરાજ્યની સંસ્થાઓ | 183 |
| 28. | મહત્ત્વની સમિતિઓ અને અગત્યની બાબતો | 187 |
| **ગણિત** | | |
| 29. | સંખ્યા પદ્ધતિ | 194 |
| 30. | લ.સા.અ. અને ગુ.સા.અ. | 198 |
| 31. | અપૂર્ણાંકિ અને દશાંશ | 200 |
| 32. | વર્ગ અને વર્ગમૂળ | 202 |
| 33. | ઘન અને ઘનમૂળ | 204 |
| 34. | ઘાત અને ઘાતાંક | 206 |
| 35. | સાદુંરૂપ | 207 |
| 36. | સરેરાશ | 209 |
| 37. | મધ્યક, મધ્યસ્થ અને બહુલક | 210 |
| 38. | ટકાવારી | 212 |
| 39. | નફો-ખોટ | 213 |
| 40. | ગુણોત્તર અને પ્રમાણ | 214 |
| 41. | સમય અંતર અને ઝડપ | 215 |
| 42. | ટ્રેન | 217 |
| 43. | સમાંતર શ્રેણી અને ગુણોત્તર શ્રેણી | 218 |
| 44. | સંખ્યા આધારિત પ્રશ્નો | **In App** |

| | | |
|---|---|---|
| 45. | ઉંમર સંબંધિત પ્રશ્નો | **In App** |
| 46. | ભાગીદારી | **In App** |
| 47. | સમય, કામ અને મહેનતાણું | **In App** |
| 48. | સાંકળનો નિયમ | **In App** |
| 49. | નળ અને ટાંકી | **In App** |
| 50. | હોડી અને પ્રવાહ | **In App** |
| 51. | મિશ્રણ | **In App** |
| 52. | મધ્યક, મધ્યસ્થ અને બહુલક | **In App** |
| 53. | માહિતીની પર્યાપ્તા (Data Sufficiency) | **In App** |

# તાર્કિક કસોટી


| | | |
|---|---|---|
| 54. | કેલેન્ડર (Calendar) | 219 |
| 55. | ઘડિયાળ (Clocks) | 223 |
| 56. | દિશા કસોટી (Direction Test) | 225 |
| 57. | ક્રમ કસોટી (Rank Test) | 228 |
| 58. | કોડીંગ-ડીકોડીંગ (Coding - Decoding) | 232 |
| 59. | અંગ્રેજી મૂળાક્ષર કસોટી (Alphabet Test) | 239 |
| 60. | (ભોમિતિક આકારની ગણતરી કરવી | 243 |

# 1 CHAPTER

# ભૂગોળનો સામાન્ય પરિચય, ગુજરાતનું સ્થાન, સીમા, વિસ્તાર, જિલ્લાનું વર્ગીકરણ

**ભૂગોળ** (Geography)

- ☞ Geography ગ્રીક ભાષાનો શબ્દ છે.
- ☞ Geography એ 'Geo' અને 'Graphia' એમ બે શબ્દો મળીને બનેલો છે.

**Geography**
↓
**Geo** → **પૃથ્વી**
**Graphia** → **વર્ણન કરવું**

**Geography ⇒ પૃથ્વીનું વર્ણન કરતું વિજ્ઞાન**

- ☞ ભૂગોળ માટે Geography શબ્દનો સૌપ્રથમ પ્રયોગ ઇસ્ટોસ્થેનીઝે ઈ.પૂ. 2જી સદીમાં કર્યો હતો.
- ☞ ઇસ્ટોસ્થેનીઝે સૌપ્રથમ વિષુવવૃત્તની લંબાઈ જાણવાનો પ્રયાસ કરેલો.
- ☞ વ્યવસ્થિત ભૂગોળના પિતા ⇒ ઇસ્ટોસ્થેનીઝ
- ☞ વિશ્વના સૌપ્રથમ ભૂગોળવેત્તા ⇒ થેલ્સ

**ભૂગોળ**
↓
- **પદ્ધતિસરનું ભૂગોળ**
  - **ભૌતિક ભૂગોળ**
  - **જૈવિક ભૂગોળ**
  - **માનવ ભૂગોળ**
- **પ્રાદેશિક ભૂગોળ**

**ગુજરાત : પ્રસ્તાવિક**

- ☞ ગુજરાતમાં થયેલા આર્કિયોલોજિકલ ઉત્ખનન જેવા કે લોથલ, પ્રભાસપાટણ, રોજડી, ધોળાવીરાના અવશેષો ઈ.પૂ. 4000ની શહેરી સંસ્કૃતિના ભાગ સૂચવે છે.
- ☞ મધ્ય એશિયામાંથી આર્ય લોકો ગુજરાતમાં આવ્યા.
- ☞ ઈ.પૂ. 3જી સદીમાં ગુજરાત ચંદ્રગુપ્ત મૌર્યના સામ્રાજ્યનો ભાગ બન્યું.
- ☞ ચીની મુસાફર હ્યુ-એન-ત્સાંગે ગુજરાતની મુલાકાત લીધી ત્યારે ગુજરાતમાં મૈત્રકવંશનું શાસન ચાલતું હતું, જેમાં રાજા ધ્રુવસેન બીજો રાજ કરતો હતો.
- ☞ હ્યુ - એન - ત્સાંગે સોરઠનો ઉલ્લેખ 'સુલકા' શબ્દ દ્વારા કર્યો હતો.

Toppersnotes Unleash the topper in you

- સાતમી સદીથી મુસ્લિમોએ ગુજરાત પર આક્રમણો કર્યાં, જેમાં ઈ.સ. 760માં આરબોએ ભરૂચ નજીક ગાંધારના પ્રદેશ પર આક્રમણ કરી બૌદ્ધ મંદિરનો નાશ કરી તે જગ્યા પર મસ્જિદ બાંધી હતી.
- આરબ ભૂગોળવેત્તા 'અબુલ-હસન-મસુદી'એ ખંભાત, ભરૂચ, સંજાણ, સોપારા, થાણાની મુલાકાત લીધી હતી.
- સોલંકી રાજાઓના સમયમાં ખંભાત બંદર 'ભારતના પ્રવેશદ્વાર' તરીકે વિકસ્યું.
- આ સમયગાળામાં 'માર્કોપોલોએ' ગુજરાતની મુલાકાત લીધી હતી અને ખંભાતને મહત્ત્વના બંદર તરીકે ગણાવ્યું હતું.
- 13મી સદીના અંત ભાગમાં અલાઉદ્દીન ખીલજીના સમયમાં ગુજરાત દિલ્હી સલ્તનતનો ભાગ બન્યું.
- ઈ.સ. 1342માં ઉત્તર આફ્રિકાના મોરક્કો દેશના 'ઇબ્નબતુતા'એ ગુજરાતની મુલાકાત લીધી.
- ત્યારબાદના સમયગાળામાં સૌપ્રથમ પોર્ટુગીઝો ગુજરાતમાં આવ્યા. તેમના પછી મુગલો, મરાઠા, ગાયકવાડ વગેરે ગુજરાતમાં શાસન સ્થાપતા રહ્યા.
- ઈ.સ. 1947માં ભારત આઝાદ થયા બાદ ગુજરાતને ત્રણ ભાગમાં વહેંચવામાં આવ્યું.

| વર્ગ - A | વર્ગ - B | વર્ગ - C |
|---|---|---|
| ↓ | ↓ | ↓ |
| તળ ગુજરાતના જિલ્લા સાથેનું મુંબઈ રાજ્ય | સૌરાષ્ટ્રનું સંયુક્ત રાજ્ય | કચ્છ |

- 1લી નવેમ્બર 1956માં સૌરાષ્ટ્ર, કચ્છ અને તળગુજરાતને મુંબઈ રાજ્યમાં ભેળવી દઈને દ્વિભાષી મુંબઈ રાજ્યની રચના કરવામાં આવી.
- 1956માં અલગ ગુજરાત રાજ્યની માગણી માટે ઈન્દુલાલ યાજ્ઞિકના વડપણ હેઠળ 'મહાગુજરાત આંદોલન' શરૂ કરવામાં આવ્યું. આંદોલનમાં 3 વર્ષ 8 મહિના 24 દિવસના અંતે 1લી મે, 1960ના રોજ અલગ ગુજરાત રાજ્યની સ્થાપના થઈ. આ સમયે 17 જિલ્લા અને 185 તાલુકા હતા.

### ગુજરાતનાં પ્રાચીન - અર્વાચીન નામ તથા ગુજરાત નામકરણનો ઈતિહાસ

- પ્રાચીન ઇતિહાસમાં ઉત્તર ગુજરાત અને મધ્ય ગુજરાતનો પ્રદેશ આનર્ત તરીકે જાણીતો હતો.
- ક્ષત્રપકાળમાં 'આનર્ત' શબ્દ માત્ર ઉત્તર ગુજરાતના વિસ્તારો માટે જ પ્રયોજાયો.
- દક્ષિણ ગુજરાત માટે 'લાટ' શબ્દનો પ્રયોગ થયો હતો. તેનો સૌપ્રથમ ઉલ્લેખ ટોલોમી દ્વારા તેના ગ્રંથમાં લાટિકા સ્વરૂપે થયો હતો.

**સૌરાષ્ટ્ર માટે પ્રયોજાયેલા શબ્દો**

↓

| સેરોસ્ટસ | સુરાષ્ટ્રીન |
|---|---|
| સ્ટ્રેબો દ્વારા | ટોલોમી અને પેરિપ્લસ દ્વારા |

- મૈત્રકકાળમાં 'ગુર્જર' શબ્દ રાજસ્થાનમાં આવેલા એક પ્રદેશ પરથી પ્રચલિત બન્યો અને ત્યાંની વસતિ 'ગુર્જર' કહેવાઈ. તે લોકો સિરિયાથી આવીને અહીં વસ્યા હતા.

☞ અનુમૈત્રક કાળમાં ગુજરાતની ધરા 'ગુર્જરભૂમિ', 'ગુર્જરદેશ', 'ગુર્જરરાષ્ટ્ર' જેવાં નામોથી ઓળખાઈ.

☞ સોલંકી વંશના સ્થાપક મૂળરાજ પ્રથમના સમયમાં 'ગુર્જરત્રા' નામ મળ્યું.

☞ મહંમદ ગઝની સાથે આવેલા અરબી લેખક અલબરુનીએ 'ગુર્જરત્રા'ને 'અત' પ્રત્યય લગાડીને 'ગુજરાત' નામ કર્યું.

☞ ગુર્જરોનો સૌપ્રથમ ઉલ્લેખ બાણભટ્ટ રચિત હર્ષચરિતમાં જોવા મળે છે.

☞ ગુજરાત નામનો સૌપ્રથમ ઉલ્લેખ ઈ.સ. 1233માં લખાયેલા 'આબુરાસ'માં જોવા મળે છે.

☞ ગુજરાત નામનો વિશ્વસનીય ઉલ્લેખ ઈ.સ. 1456માં પદ્મનાભ રચિત 'કાન્હડદે પ્રબંધ'માં જોવા મળે છે.

**ગુજરાતનું સ્થાન**

☞ ભારતના પશ્ચિમ ભાગમાં અરબ સાગરના કિનારે ગુજરાત રાજ્ય આવેલું છે.

☞ ગુજરાતનાં, અક્ષાંશ-રેખાંશ આ મુજબ છે :

અક્ષાંશ : 20.1° ઉ.અ. થી 24.4° ઉ.અ.

રેખાંશ : 68.4° પૂ. રે. થી 74.4° પૂ.રે


## ❖ અક્ષાંશ વૃત્ત (Latitude)

☞ પૃથ્વીના ગોળા પર દોરવામાં આવેલી આડી કાલ્પનિક રેખાઓને અક્ષાંશ કહેવાય છે.

☞ કુલ સંખ્યા - 181

☞ બે અક્ષાંશ વચ્ચેનું અંતર - 111 કિ.મી.

☞ વિષુવવૃત્તથી ધ્રુવો તરફ જતાં અક્ષાંશની લંબાઈ ઘટતી જાય છે.





## ❖ રેખાંશવૃત્ત (Longitude)

☞ પૃથ્વીના ગોળા ઉપર ઉત્તર ધ્રુવથી દક્ષિણ ધ્રુવને જોડતી ઊભી કાલ્પનિક રેખાને રેખાંશ કહે છે.

☞ કુલ સંખ્યા - 360

☞ રેખાંશ વચ્ચેનું મહત્તમ અંતર વિષુવવૃત્ત પર હોય છે. (111.32 કિ.મી.) અને ધ્રુવ પર શૂન્ય થઈ જાય છે.

☞ રેખાંશ વચ્ચેના અંતરને વૈશ્વિક ભાષામાં ગોરે (Gore) કહેવાય છે.





**પૃથ્વીને 360° ઘૂમતાં 24 કલાક લાગે છે. આથી 1° અંતર કાપતાં પૃથ્વીને 4 મિનિટ લાગે છે.**

## ❖ ગ્રિનિચ રેખા (Greenwich line)

- ઇંગ્લેન્ડમાં ગ્રિનિચ પરથી પસાર થતા 0° રેખાંશવૃત્તને 'ગ્રિનિચ રેખા' કહે છે.
- 0° રેખાંશને આંતરરાષ્ટ્રીય પ્રમાણિત સમયરેખા કે GMT (Greenwich Meridian Time) કહેવાય છે.
- પૃથ્વીનું ભ્રમણ પશ્ચિમથી પૂર્વ તરફનું હોવાથી પૂર્વનો સમય આગળ રહે છે.

## ❖ આંતરરાષ્ટ્રીય દિનાંતર રેખા (IDL)

- 180° રેખાંશવૃત્તને આંતરરાષ્ટ્રીય દિનાંતર રેખા કહે છે.
- આ રેખા પેસિફિક મહાસાગરમાંથી પસાર થાય છે.
- આ રેખા વાંકીચૂકી છે.



## ❖ ગુજરાત અને કટિબંધ

- ☞ ગુજરાતનો મોટા ભાગનો વિસ્તાર ઉષ્ણ કટિબંધમાં આવેલો છે.
- ☞ ગુજરાતનો એકમાત્ર 'બનાસકાંઠા જિલ્લો' સંપૂર્ણપણે સમશિતોષ્ણ કટિબંધમાં આવેલો છે.

## ❖ ગુજરાત અને કર્કવૃત્ત

- ☞ ગુજરાતના 6 જિલ્લા કર્કવૃત્ત પર આવેલા છે.

| | | | |
|---|---|---|---|
| (1) | અરવલ્લી | (2) | સાબરકાંઠા (પ્રાંતિજ નજીકથી) |
| (3) | ગાંધીનગર | (4) | મહેસાણા (મોઢેરાના સૂર્યમંદિર પરથી) |
| (5) | પાટણ | (6) | કચ્છ (ધીણોધર ડુંગર પરથી) |

## ગુજરાતનો વિસ્તાર

- ☞ **કુલ ક્ષેત્રફળ :** 1,96,024 ચોરસ કિલોમીટર (75,868 ચો. માઈલ)
  જે ભારતના કુલ ક્ષેત્રફળના 5.96 ટકા જેટલું થાય છે.
  ભારતનું ક્ષેત્રફળ : 32,87,263 ચોરસ કિ.મી.
- ☞ વિસ્તારની દૃષ્ટિએ ભારતમાં ગુજરાતનો ક્રમ પાંચમો (5) છે.

| | | | |
|---|---|---|---|
| (1) | રાજસ્થાન | (2) | મધ્યપ્રદેશ |
| (3) | મહારાષ્ટ્ર | (4) | ઉત્તર પ્રદેશ |

## ❖ ગુજરાતની લંબાઈ અને પહોળાઈ

ઉત્તર - દક્ષિણ : 590 કિ.મી.

પૂર્વ - પશ્ચિમ : 500 કિ.મી.

- ☞ ભારતમાં વસતિની દૃષ્ટિએ ગુજરાતનો ક્રમ નવમો (9) છે, જે દેશની કુલ વસતિના 4.99 ટકા જેટલી થાય છે.

## ગુજરાતના જિલ્લાઓની સ્થાપના

**સ્થાપના સમયે : 17 જિલ્લા**

| | | |
|---|---|---|
| અમદાવાદ | જામનગર | રાજકોટ |
| અમરેલી | જૂનાગઢ | સાબરકાંઠા |
| બનાસકાંઠા | ખેડા | સુરત |
| ભાવનગર | કચ્છ | સુરેન્દ્રનગર |
| ભરૂચ | મહેસાણા | વડોદરા |
| ડાંગ | પંચમહાલ | |

| વર્ષ | જિલ્લો | ક્યા જિલ્લામાંથી | મુખ્યમંત્રી |
|---|---|---|---|
| 1964 | ગાંધીનગર | અમદાવાદ + મહેસાણા | બળવંતરાય મહેતા |
| 1966 | વલસાડ | સુરત | હિતેન્દ્ર દેસાઈ |
| 2 ઑક્ટોમ્બર 1997 | આણંદ<br>પોરબંદર<br>નવસારી<br>નર્મદા | ખેડા<br>જૂનાગઢ<br>વલસાડ<br>ભરૂચ | શંકરસિંહ વાઘેલા દાહોદ પંચમહાલ |
| 2000 | પાટણ | મહેસાણા + બનાસકાંઠા | કેશુભાઈ પટેલ |
| 2 ઑક્ટોબર 2007 | તાપી | સુરત | નરેન્દ્ર મોદી |
| 15 ઑગસ્ટ 2013 | દેવભૂમિ દ્વારકા<br>મોરબી<br><br>ગીર-સોમનાથ<br>બોટાદ<br>અરવલ્લી<br>મહિસાગર<br>છોટા ઉદેપુર | જામનગર<br>જામનગર+રાજકોટ<br>+સુરેન્દ્રનગર<br>જૂનાગઢ<br>ભાવનગર + અમદાવાદ<br>સાબરકાંઠા<br>ખેડા + પંચમહાલ<br>વડોદરા | નરેન્દ્ર મોદી |

**ગુજરાત : 33 જિલ્લા**

↓

- **કચ્છ** – 1 જિલ્લો
- **સૌરાષ્ટ્ર** – 11 જિલ્લા
  - મોરબી
  - જામનગર
  - દેવભૂમિ દ્વારકા
  - પોરબંદર
  - જૂનાગઢ
  - ગીર-સોમનાથ
  - અમરેલી
  - ભાવનગર
  - બોટાદ
  - સુરેન્દ્રનગર
  - રાજકોટ
- **તળગુજરાત** – 21 જિલ્લા
  - **ઉત્તર ગુજરાત** – 6 જિલ્લા
    - બનાસકાંઠા
    - સાબરકાંઠા
    - અરવલ્લી
    - પાટણ
    - મહેસાણા
    - ગાંધીનગર
  - **મધ્ય ગુજરાત** – 8 જિલ્લા
    - અમદાવાદ
    - મહિસાગર
    - પંચમહાલ
    - દાહોદ
    - ખેડા
    - આણંદ
    - વડોદરા
    - છોટા ઉદેપુર
  - **દક્ષિણ ગુજરાત** – 7 જિલ્લા
    - ભરૂચ
    - નર્મદા
    - સુરત
    - તાપી
    - નવસારી
    - ડાંગ
    - વલસાડ

Toppersnotes
Unleash the topper in you

## ગુજરાતની સરહદ

### ❖ જમીનની સરહદ

- ☞ પાકિસ્તાન : કચ્છ જિલ્લો પાકિસ્તાન સાથે 512 કિમી લાંબી સરહદ ધરાવે છે, જેને 24 પેરલલ લાઈન પણ કહે છે.
- ☞ રાજસ્થાન : 6 જિલ્લા (કચ્છ, બનાસકાંઠા, સાબરકાંઠા, અરવલ્લી, મહિસાગર, દાહોદ)
- ☞ મધ્યપ્રદેશ : 2 જિલ્લા (દાહોદ, છોટા ઉદેપુર)
- ☞ મહારાષ્ટ્ર : 6 જિલ્લા (છોટા ઉદેપુર, નર્મદા, તાપી, ડાંગ, નવસારી, વલસાડ)
- ☞ દાહોદ જિલ્લો રાજસ્થાન અને મધ્યપ્રદેશ બંને રાજ્ય સાથે સરહદ બનાવે છે.
- ☞ છોટા ઉદેપુર જિલ્લો મધ્યપ્રદેશ અને મહારાષ્ટ્ર બંને રાજ્ય સાથે સરહદ બનાવે છે.
- ☞ વલસાડ જિલ્લો એકમાત્ર નવસારી જિલ્લા સાથે સરહદ બનાવે છે.

### ❖ દરિયાઈ સીમા


- ☞ ગુજરાત રાજ્યને ભારતનો સૌથી લાંબો દરિયાકિનારો મળ્યો છે.
- ☞ 1600 કિ.મી. (990 માઈલ)

**ગુજરાત : 15 જિલ્લા**

| કચ્છ<br>1 જિલ્લો | સૌરાષ્ટ્ર<br>8 જિલ્લા | તળગુજરાત<br>6 જિલ્લા |
|---|---|---|
| | મોરબી | અમદાવાદ |
| | જામનગર | આણંદ |
| | દેવભૂમિ દ્વારકા | ભરૂચ |
| | પોરબંદર | સુરત |
| | જૂનાગઢ | નવસારી |
| | ગીર - સોમનાથ | વલસાડ |
| | અમરેલી | |
| | ભાવનગર | |

Toppersnotes
Unleash the topper in you

# ગુજરાતના જિલ્લાઓ


દાહોદ
છોટા ઉદેપુર
મહીસાગર
પંચમહાલ
ડાંગ
નર્મદા
તાપી
અરવલ્લી
વડોદરા
નવસારી
વલસાડ
સાબરકાંઠા
ભરૂચ
સુરત
ખેડા
ગાંધીનગર
આણંદ
અમદાવાદ
મહેસાણા
બનાસકાંઠા
પાટણ
ભાવનગર
બોટાદ
સુરેન્દ્રનગર
અમરેલી
રાજકોટ
મોરબી
ગીર સોમનાથ
જૂનાગઢ
જામનગર
પોરબંદર
દેવભૂમિ દ્વારકા
કચ્છ

# 13 CHAPTER

# ગુજરાતનો પ્રાગ ઐતિહાસિક કાળ અને સિંધુ સંસ્કૃતિ

- ઈતિહાસ શબ્દ ગ્રીક શબ્દ Historie પરથી આવ્યો છે.
- ઈતિહાસ શબ્દને સંસ્કૃત ભાષામાં ઈતિ-હ-આસ એટલે 'આ પ્રમાણે હતું' તેવો અર્થ થાય.
- ઈતિહાસના પિતા તરીકે હેરોડોટ્સ ઓળખવામાં આવે છે. તેમણે ઈતિહાસને લગતું પુસ્તક હિસ્ટોરિકા લખ્યું હતું.
- ભારતીય ઈતિહાસના પિતા તરીકે મેગસ્થનિઝને ઓળખવામાં આવે છે. મેગસ્થનિઝે ચંદ્રગુપ્ત મૌર્યના દરબારમાં રહીને 'ઇન્ડિકા' નામના ગ્રંથની રચના કરી હતી.
- મોટાભાગનો ઈતિહાસ મળી આવેલા અભિલેખો, શિલાલેખો, તામ્રપત્રો, સિક્કાઓ, વિદેશી યાત્રાળુઓએ કરેલી નોંધો, પ્રાચીન સાહિત્ય કૃતિઓ, ભૌતિક અવશેષો વગેરે પરથી જાણવા મળ્યો છે.
- ગુજરાતનું પુરાતત્ત્વ વિશેનું સૌપ્રથમ પુસ્તક 'આર્કિયોલૉજી ઑફ ગુજરાત'ની રચના હસમુખ સાંકળિયાએ કરી છે.
- ગુજરાતનો ઈતિહાસ સૌપ્રથમ પ્રાણલાલ એદલજી ડોસા દ્વારા લખવામાં આવ્યો છે.
- ગુજરાતના ઈતિહાસની શરૂઆત પ્રાગ ઐતિહાસિક કાળથી થઈ.

## ગુજરાતનો પ્રાગ ઐતિહાસિક યુગ

- પ્રાગ ઐતિહાસિક કાળમાં લેખન કે લિપિકળા વિદ્યમાન હતી નહીં.
- આ સમયગાળાને **ત્રણ** ભાગમાં વિભાજિત કરવામાં આવે છે.
  - **[1] પુરાતન પાષાણ યુગ (પ્રાચીન પાષાણ યુગ)**
  - **[2] મધ્ય પાષાણ યુગ**
  - **[3] નૂતન પાષાણ યુગ**

### [1] પુરાતન પાષાણ યુગ

- મનુષ્ય જ્યારથી પથ્થરનો ઉપયોગ કરતો થયો ત્યારથી આ યુગની શરૂઆત થઈ.
- આ યુગને માનવ સંસ્કૃતિનું પ્રથમ સોપાન માનવામાં આવે છે.
- આ યુગના માનવીએ પથ્થરના હથિયારો બનાવ્યા હતા. ગુજરાતમાંથી મળી આવેલા આ યુગના હથિયારો ક્વાર્ટઝાઈટ નામના ખડકમાંથી બનેલા છે.
- મનુષ્ય ભટકતું તેમજ શિકારી જીવન ગાળતો હતો. એટલે એવું કહી શકાય કે આ યુગનો મનુષ્ય 'ખોરાક એકઠો કરનાર' હતો.
- આ યુગમાં અગ્નિની શોધ થઈ.

### [2] મધ્ય પાષાણ યુગ

- આ યુગમાં પશુપાલનની શરૂઆત થઈ.
- મનુષ્ય ચામડાનાં કપડાં અને વૃક્ષની છાલ (વલ્કલ)નાં કપડાં પહેરતાં શીખ્યો.

### [3] નૂતન પાષાણ યુગ

- આ યુગમાં મનુષ્યો સ્થાયી જીવન જીવતા થયા તથા નદી કિનારે વસવાટ કરતા થયા.
- ખેતીની શોધ થઈ અને ત્યારબાદ પૈડાં અને ચક્રની શોધ થઈ.
- મનુષ્ય અગ્નિની પૂજા કરવા લાગ્યો.

## આદ્ય ઐતિહાસિક કાળ

- ☞ આ કાળમાં લેખન કે લિપિ કળા વિદ્યમાન હતી, પરંતુ તેને ઉકેલી શકાઈ નથી.
- ☞ આ યુગમાં મનુષ્યએ નગરો વિકસાવ્યા અને સંસ્કૃતિનો સભ્યતા રૂપે ઉત્તરોત્તર વિકાસ કર્યો.
- ☞ મનુષ્યએ પથ્થરની સાથે ધાતુનો ઉપયોગ કર્યો. ધાતુમાં તાંબાનો ઉપયોગ કરતા તામ્ર પાષાણ યુગની શરૂઆત થઈ.
- ☞ આ યુગમાં તાંબાનાં હથિયારો મળી આવ્યાં છે.
- ☞ તાંબાના ઉપયોગ પછી કલાઈ અને લોખંડનો ઉપયોગ કરવામાં આવ્યો.
- ☞ તાંબામાં કલાઈના મિશ્રણથી કાંસ્ય યુગની શરૂઆત થઈ.
- ☞ હડપ્પા સભ્યતાને કાંસ્ય યુગની શ્રેણીમાં ગણવામાં આવે છે.

## પુરાતાત્વિક સંશોધનો

- ☞ ગુજરાતમાં પ્રાગ ઐતિહાસિક યુગના સૌપ્રથમ ઓજારો અને અવશેષો ઈ.સ. 1893માં રોબર્ટ બ્રુસ ફ્રુટ નામના વ્યક્તિએ મહેસાણા જિલ્લાના કોટ અને પેઢામણી ગામેથી શોધી કાઢ્યા.
- ☞ ઈ.સ. 1941માં મહેસાણા જિલ્લાના લાંઘણજ ગામેથી પણ પ્રાગ ઐતિહાસિક કાળનાં ઓજારો મળી આવ્યાં.
- ☞ ઉત્તર ગુજરાત, મધ્ય ગુજરાત તેમજ દક્ષિણ ગુજરાતમાંથી અકીકનાં નાનાં ઓજારો મળી આવ્યાં, જેને લઘુ પાષાણ ઓજાર તરીકે ઓળખવામાં આવે છે.
- ☞ કચ્છના લોડાઈ ગામ ખાતેથી પણ ઇક્થિયોસોરસ (મત્સ્ય ગરોળી)ના અવશેષો મળી આવ્યા છે.

❖ **પ્રાચીન ગુજરાતના ઇતિહાસને જાણવામાં ઉપયોગી સાહિત્ય અને તેના રચયિતા**

| ક્રમ | કૃતિ | રચયિતા |
|---|---|---|
| 1. | દ્વયાશ્રય | હેમચંદ્રાચાર્ય |
| 2. | કર્ણસુંદરી | બિલ્હણ |
| 3. | મોહરાજ પરાજય | યશપાલ |
| 4. | મુદ્રિતકુમુદચંદ્ર | યશચંદ્ર |
| 5. | કીર્તિકૌમુદી | સોમેશ્વર |
| 6. | કાન્હડદે પ્રબંધ | પદ્મનાભ |
| 7. | વસંતવિજય | બાલચંદ્રસૂરિ |
| 8. | હમ્મીરમદમર્દન | જયસિંહસૂરિ |
| 9. | રત્નમાલા | કૃષ્ણકવિ |
| 10. | હર્ષચરિત | બાણભટ્ટ |
| 11. | રાવણવધ | કવિ ભટ્ટી |
| 12. | સી-યુ-કી | હ્યુ-એન-ત્સાંગ |
| 13. | આશિકી | આમીર ખુશરો |
| 14. | પ્રબંધ ચિંતામણી | મેરુતુંગ |

- ☞ પ્રાચીન સમયગાળામાં આ પ્રદેશ આનર્તના નામથી ઓળખાતો હતો.
- ☞ શર્યાતિના પુત્ર આનર્તે સૌરાષ્ટ્ર અને ઉત્તર ગુજરાતના ભાગો પર પોતાની સત્તા સ્થાપી હતી.
- ☞ આથી આ પ્રદેશ આનર્ત પ્રદેશના નામથી ઓળખાતો.
- ☞ મૌર્ય કાળ અને ગુપ્તકાળ દરમિયાન સૌરાષ્ટ્રને સુરાષ્ટ્રના નામથી ઓળખવામાં આવતું હતું તથા તેની રાજધાની ગિરિનગર હતી.
- ☞ ચીની યાત્રાળુઓએ કરેલી નોંધ મુજબ દક્ષિણ ગુજરાતનો વિસ્તાર લાટ પ્રદેશ તરીકે ઓળખાતો હતો.
- ☞ ગુર્જર જાતિના આગમન પછી સૌરાષ્ટ્ર આનર્ત અને માળવામાં ગુર્જરોએ પોતાની સત્તા સ્થાપી. આથી આ પ્રદેશ ગુર્જર પ્રદેશના નામથી ઓળખાયો. તેમની રાજધાની ભિન્નમાલ હતી.
- ☞ 10મી સદીમાં સોલંકી કાળ દરમિયાન આ ભૂમિ ગુર્જર ભૂમિ તરીકે ઓળખાઈ અને સોલંકી શાસકો ગુર્જર નરેશ તરીકે ઓળખાતા થયા.
- ☞ આ સમયગાળા દરમિયાન આરબ આક્રમણના લીધે અને તેમના સંપર્કના લીધે ગુર્જર શબ્દ ગુજરાત નામમાં પરિવર્તિત થયો.

  અરબી યાત્રાળુ અલબરૂનીએ ગુર્જર શબ્દ પાછળ અરબી શબ્દ ‘અત્ત’ પ્રત્યય લગાવતા ગુર્જરત્તામાંથી અપભ્રંશ ગુજરાત નામ અસ્તિત્વમાં આવ્યું.
- ☞ ગુજરાત નામનો સૌપ્રથમ ઉલ્લેખ ઈ.સ. 1233માં કવિ પાલ્હણ દ્વારા લખાયેલા ‘આબુરાસ’માં જોવા મળે છે.
- ☞ 15મી સદીમાં પદ્મનાભ દ્વારા લખાયેલ ‘કાન્હડદે પ્રબંધ’માં પણ ગુજરાત નામનો ઉલ્લેખ જોવા મળ્યો છે.

### ❖ વિવિધ વિદેશી યાત્રાળુઓમાં ગુજરાતના પ્રદેશોનાં આપેલાં નામ

| ક્રમ | વિદેશી યાત્રી | વર્તમાન નામ | આપેલા નામ |
|---|---|---|---|
| 1. | ટોલેમી | દક્ષિણ ગુજરાત (લાટ પ્રદેશ)<br>સૌરાષ્ટ્ર<br>મહી | લાટિકા<br>સુરાષ્ટ્રીન<br>મોફિસ |
| 2. | પેરિપ્લસ | સૌરાષ્ટ્ર | સુરાષ્ટ્રીન |
| 3. | સ્ટ્રોબા | સૌરાષ્ટ્ર | સેરોષ્ટ્રન |
| 4. | હ્યુ-એન-ત્સાંગ | સોરઠ | સુલકા |
| 5. | અલબરૂની | મહી<br>ગુજરાત | માહેન્દ્રી<br>ગુર્જરત્તા (ગુજરાત) |

## ગુજરાતમાં મળી આવેલા સિંધુ સભ્યતાના નગરો

### ❖ રંગપુર

| | |
|---|---|
| તાલુકો | ચૂડા |
| જિલ્લો | સુરેન્દ્રનગર |
| નદી | ભાદર (સૂક ભાદર) |
| ઉત્ખનન કર્તા | માધોસ્વરૂપ વત્સ |

- ☞ રંગપુર ગુજરાતમાં શોધાયેલું સિંધુ સભ્યતાનું સૌપ્રથમ નગર છે.
- ☞ રંગપુરનું સંશોધન ઈ.સ. 1931માં માધોસ્વરૂપ વત્સ દ્વારા કરવામાં આવ્યું હતું.
- ☞ ત્યારબાદ ઈ.સ. 1954માં એસ. આર. રાવ દ્વારા સંશોધન કરવામાં આવ્યું.
- ☞ રંગપુરમાંથી કાચી ઈંટોના મકાન, પથ્થરના ચોરસ વજનિયાં, મણકાઓ, તાંબાની બંગડીઓ વગેરે મળી આવ્યાં છે.
- ☞ સૌપ્રથમ ચોખાના અવશેષો પણ રંગપુરમાંથી મળી આવ્યા છે.
- ☞ લાલ અને કાળા રંગની માટીનાં વાસણો પણ મળી આવ્યાં છે. આ વાસણો ઉપર મોર, હરણ, વૃષભ વગેરે પશુ-પંખીઓની આકૃતિઓ કોતરેલી મળી છે.
- ☞ $C_{14}$ પદ્ધતિ મુજબ આ સ્થળનો સમયગાળો ઈ.સ.પૂ. 2600નો માનવામાં આવે છે. તેમજ આ સંસ્કૃતિનો નાશ ઈ.સ.પૂ. 1900ની આસપાસ થયો હશે તેવું માનવામાં આવે છે.

## ❖ લોથલ

| | |
|---|---|
| **ગામ** | સરગવાલા |
| **તાલુકો** | ધોળકા |
| **જિલ્લો** | અમદાવાદ |
| **નદી** | લીંબડી ભોગાવો તથા સાબરમતી વચ્ચે |

- ☞ લોથલ એ 'લોથ' શબ્દ પરથી આપવામાં આવેલું નામ છે. લોથનો મતલબ 'લાશ' એવો થાય છે.
- ☞ લોથલ અમદાવાદ જિલ્લાના ધોળકા તાલુકામાં આવેલ સરગવાલા ગામ પાસે લીંબડી ભોગાવો અને સાબરમતી નદી વચ્ચેના પ્રદેશમાં આવેલું છે.
- ☞ લોથલનું સંશોધન ઈ.સ. 1954માં એસ. આર. રાવ દ્વારા કરવામાં આવ્યું હતું.
- ☞ સિંધુ સભ્યતાના સમયગાળામાં લોથલ સમુદ્રથી 5 કિમી જેટલું દૂર હતું, પરંતુ હાલમાં તે સમુદ્રથી 18 કિમી જેટલું દૂર છે.
- ☞ તે સિંધુ સભ્યતાના અતિપ્રાચીન બંદર તરીકે ઓળખાય છે.
- ☞ લોથલમાંથી ડોક્યાર્ડ (વહાણ લાંગરવાની ગોદી) માટીની ભઠ્ઠી અને દુકાનો મળી આવ્યાં છે.
- ☞ સામસામા હરોળબદ્ધ 64 વખારોનાં મકાનો, વાસણો ભરેલા સોનાના મણકાઓ, મુદ્રાઓ, શતરંજ જેવી રમતો, હાથી-દાંતની બનેલી માપપટ્ટી, પથ્થર, કાંસા અને માટીનાં વાસણો, પાકાં મકાનો, સ્નાનાગારો વગેરે મળી આવ્યાં છે.
- ☞ સુંદર નકશીકામ કરેલી વસ્તુઓ અને લાલપીળા તેમજ કાળા રંગની રેખાઓયુક્ત વાસણો પણ મળ્યાં છે.
- ☞ અનાજ દળવાની પથ્થરની ઘંટી મળી આવી છે.
- ☞ લોથલમાં ખોદકામ દરમિયાન સૌથી વધુ હાડપિંજરો મળી આવ્યાં છે. જેમાં કેટલાંક શબની ખોપડીમાં છેદન કરેલું પણ જોવા મળ્યું છે જે શસ્ત્રક્રિયાનું સૂચક દર્શાવે છે.
- ☞ લોથલમાં મનુષ્યના મૃત્યુ પછી શબને દાટવાની તેમજ અગ્નિ સંસ્કાર આપવાની એમ બંને પ્રથા થતી હોવાના પુરાવા પણ મળ્યા છે.
- ☞ $C_{14}$ પદ્ધતિ મુજબ લોથલનો સમયગાળો ઈ.સ. પૂ. 2400થી 1900નો માનવામાં આવે છે.

## ❖ ધોળાવીરા

| | |
|---|---|
| **તાલુકો** | ભચાઉ |
| **જિલ્લો** | કચ્છ |
| **નદી** | લૂણી |

# 23 CHAPTER પંચાયતી રાજનો ઇતિહાસ

## પંચાયતી રાજ પરિચય

### પંચાયતી રાજ

☞ પાંચ લોકોથી બનેલા સમૂહ, સભા કે ગૃહ દ્વારા સ્થાનિક કક્ષાએથી કરવામાં આવતાં વહીવટ / શાસનને પંચાયતી રાજ કહે છે.

☞ પંચાયતી રાજ શબ્દનું સૌપ્રથમ પ્રયોજન પંડિત જવાહરલાલ નહેરુએ 1959માં કર્યું હતું.

### સ્થાનિક સ્વરાજની પરિભાષા

☞ આ શબ્દ ગાંધીજીએ આપ્યો હતો.

| સ્થાનિક | સ્વ | રાજ |
|---|---|---|
| ↓ | ↓ | ↓ |
| જે-તે પ્રાથમિક સ્તર | પોતાનું | વહીવટ |

❖ **સ્થાનિક સ્વરાજનો મુખ્ય ઉદ્દેશ**

[1] **ભાગીદારી લોકશાહીનું સર્જન અને વિકાસ (Develpment of Participatary Democracy) :** બંધારણના અનુ. 325 મુજબ પ્રતિનિધિત્વ અને અનુ. 326 મુજબ મતદાનનો અધિકાર

[2] **તૃણમૂલ સ્તર સુધી સત્તાનું વિકેન્દ્રીકરણ (Decentralization of powers to the Grassroot Level) :** તૃણમૂલ સ્તર સુધી સત્તાનું વિકેન્દ્રીકરણ બંધારણની અનુસૂચિ-11 અને 12 મુજબ ગ્રામ્ય વિસ્તાર અને શહેરી વિસ્તારની સ્થાનિક સ્વરાજ્યની સંસ્થાઓને સત્તાઓ અપાતા જોવા મળે છે.

## પંચાયતી રાજનો ઉદ્‌ભવ અને પૂર્વભૂમિકા

### પંચાયતોનો ઉદ્‌ભવ

☞ **પંચાયતોના ઉદ્‌ભવના મુખ્ય ત્રણ (3) તબક્કાઓ છે, જે નીચે પ્રમાણે છે.**

[1] પ્રાચીન સમયગાળો

[2] બ્રિટિશ સમયગાળો

[3] આઝાદી બાદનો સમયગાળો

## [1] પ્રાચીન સમયગાળો

☞ આ સમયગાળામાં પંચાયતો દાખલ કરવાનું કે સ્થાપવાનું બહુમાન પૃથુરાજાને ફાળે જાય છે.

(a) **ઋગ્વેદ :** સભા અને સમિતિનું સ્થાન

(b) **મહાભારત :** (1) સભાપર્વ (2) શાંતિપર્વ

(c) **રામાયણ :** જનપદ

(d) **બૌદ્ધ ધર્મની જાતક કથાઓ :** ગ્રામસભા

(e) **મનુસ્મૃતિ :** ગામડાનો સ્વાયત્ત વહીવટી એકમ તરીકે ઉલ્લેખ

(f) **નીતિસાર :** પંચાયતોનો સ્પષ્ટપણે ઉલ્લેખ

(g) **કૌટિલ્યનું અર્થશાસ્ત્ર :** બે પ્રકારની સ્થાનિક સ્વરાજની સંસ્થાઓનો ઉલ્લેખ થયેલો છે જેમાં (1) ગ્રામ્ય વિસ્તાર અને (2) શહેરી વિસ્તારની સંસ્થાઓનો ઉલ્લેખ છે.

(h) **વિદેશી મુસાફરોના વિવરણોમાં ઉલ્લેખ**

- **ગ્રીક મુસાફર - મેગસ્થનીઝ :** ઇન્ડિકા
- **ચીની મુસાફરો :** ફાહિયાનના પુસ્તક ફા-ક્વૉકી અને હ્યુ-એન-ત્યાંગના પુસ્તક સી-યુ-કી

## [2] બ્રિટિશ સમયગાળો

### ❖ કંપની શાસન (1613 થી 1857)

☞ સૌપ્રથમ વખત 1687માં મદ્રાસ ખાતે ઇંગ્લૅન્ડની પદ્ધતિ આધારે સૌપ્રથમ સંસ્થા સ્થપાઈ. જેને મદ્રાસ મ્યુનિસિપલ કૉર્પોરેશન નામ અપાયું.

☞ 1726ના સુધારેલા ચાર્ટર ઍક્ટથી મુંબઈ, મદ્રાસ અને કલકત્તામાં આવી સંસ્થાઓ સ્થાપવાની જોગવાઈ કરાઈ.

### ❖ તાજનું શાસન (1858 થી 1947)

☞ 1857ના વિપ્લવના ઘેરા પ્રત્યાઘાતો બ્રિટનની પાર્લામેન્ટમાં પડતાં ભારત સરકાર અધિનિયમ-1858થી રાણી વિક્ટૉરિયાએ કંપનીનું શાસન ભારતમાંથી હટાવ્યું. બ્રિટનની સંસદનું સંપૂર્ણ દખલગીરીવાળું શાસન 1 નવેમ્બર, 1858થી દાખલ કર્યું. જે તાજના શાસન તરીકે ઓળખાયું.

### ❖ લૉર્ડ મેયો

☞ ગ્રામ્ય વિસ્તાર માટે સ્વાયત્ત સંસ્થાઓનો સૌપ્રથમ વખત પ્રયાસ કરનાર ગવર્નર જનરલ લૉર્ડ મેયો હતા.

### ❖ લૉર્ડ રિપન

☞ ભારતમાં પદ્ધતિસર પંચાયતોની સ્થાપના રિપને 1882માં કરી તેથી ભારતમાં પંચાયતીરાજના પિતા તરીકે (સ્થાનિક સ્વરાજ્યના પિતા) ઓળખવામાં આવે છે.

### ❖ રૉયલ કમિશન - 1907

☞ રાજા ઍડવર્ડ 8મા દ્વારા સત્તા વિકેન્દ્રીકરણ માટે સી.ઈ.એચ. હોબહાઉસની અધ્યક્ષતામાં એક આયોગની રચના કરાઈ જે રૉયલ કમિશન તરીકે ઓળખાયું.

### ❖ ભલામણો

☞ પંચાયતોને કરવેરા નાખવાની સત્તા આપવી.

☞ કરવેરા ઉઘરાવવાની તથા ખર્ચ કરવાની સત્તા આપવી.

☞ વિકાસ કાર્યોના ભંડોળ માટે અનુદાન આપવું.

### ❖ મોન્ટેગ્યુ ચેમ્સફોર્ડ સુધારા - 1919

- ☞ નિયમિત ચૂંટણીઓનું આયોજન તથા સ્થાનિક સ્વરાજની સંસ્થાઓમાં ચૂંટણીતત્ત્વ દાખલ કરાયું.
- ☞ સરપંચની ચૂંટણી દર વર્ષે યોજવી.
- ☞ ગ્રામપંચાયતમાં 21 વર્ષથી ઉપરની ઉંમરવાળા 5 સભ્યો 3 વર્ષની મુદ્દત માટે ચૂંટવા.
- ☞ પંચાયતોને બજેટ બનાવવાની સત્તા અપાઈ.
- ☞ સ્થાનિક સ્વરાજનો વિષય પ્રાંતીય સરકારની યાદીમાં મુકવામાં આવ્યો.

## [3] આઝાદી બાદનો સમયગાળો

- ☞ બંધારણના ભાગ - 4 (રાજ્યનીતિના માર્ગદર્શક સિદ્ધાંતો)માં અનુ. 40માં પંચાયતોની રચનાની જોગવાઈ કરવામાં આવી.
- ☞ ક.મા. મુનશી સમિતિની ભલામણોથી 1952માં 2જી ઑક્ટોબરથી સામુદાયિક વિકાસ કાર્યક્રમની શરૂઆત થઈ.
- ☞ 1953માં 'રાષ્ટ્રીય વિસ્તરણ સેવા યોજના' શરૂ કરવામાં આવી.
- ☞ જાન્યુઆરી 1957માં બળવંતરાય જી. મહેતાની અધ્યક્ષતામાં ગ્રામોદ્ધાર સમિતિની રચના કરવામાં આવી. આ સમિતિએ 24 નવેમ્બર, 1957ના રોજ પોતાનો અહેવાલ 'રાષ્ટ્રીય વિકાસ પરિષદ'ને સુપરત કર્યો. જેમાં તેમણે સ્થાનિક સ્વરાજની સંસ્થાઓના વિકાસ માટે 'લોકશાહી વિકેન્દ્રીકરણનો સિદ્ધાંત' આપ્યો. જેમાં તેમણે 3 સ્તરોનો ઉલ્લેખ કર્યો.
  - (1) ગ્રામ્ય સ્તરે - ગ્રામ પંચાયત
  - (2) બ્લૉક સ્તરે - પંચાયત સમિતિ
  - (3) જિલ્લા સ્તરે - જિલ્લા પરિષદ
- ☞ 2 ઑક્ટોબર, 1959ના રોજ ત્રણ સ્તરવાળા માળખાને પંડિત જવાહરલાલ નહેરુએ 'લોકશાહી વિકેન્દ્રીકરણના' સ્થાને 'પંચાયતીરાજ' શબ્દ આપી રાજસ્થાનના નાગૌર જિલ્લાના બગદર ગામથી ત્રિ-સ્તરીય પંચાયતીરાજની શરૂઆત કરી.

## ગુજરાતમાં ત્રિ-સ્તરીય પંચાયતીરાજ પદ્ધતિનો ઉદ્ભવ અને વિકાસ


- ☞ મુખ્યમંત્રી ડૉ. જીવરાજ મહેતાએ ગુજરાતમાં ત્રિ-સ્તરીય પંચાયતીરાજ પદ્ધતિ દાખલ કરવા તેમજ સૂચનો કરવા માટે તત્કાલિન ગૃહપ્રધાન રસિકલાલ પરીખની અધ્યક્ષતામાં 15 સભ્યોવાળી એક સમિતિની રચના કરી.
- ☞ આ સમિતિએ 21 ડિસેમ્બર, 1960ના રોજ સરકારને પોતાનો અહેવાલ સુપરત કર્યો. જેને અનુલક્ષી 'ગુજરાત પંચાયત અધિનિયમ - 1961'ની રચના થઈ.
- ☞ 1લી એપ્રિલ, 1963ના રોજ ગુજરાતમાં ત્રિ-સ્તરીય પંચાયતીરાજ પદ્ધતિની શરૂઆત થઈ.
- ☞ ગુજરાત પંચાયત અધિનિયમ 1961માં સમયાંતરે સંશોધન કરવા રચાયેલી બે મહત્ત્વની સમિતિઓ : [1] ઝીણાભાઈ દરજી સમિતિ - 1972 અને [2] રિખવદાસ શાહ સમિતિ - 1977

## [1] ઝીણાભાઈ દરજી સમિતિ - 1972

### ❖ ભલામણો

- ☞ મહિલા અનામત
- ☞ એસ.સી/એસ.ટી ઓછામાં ઓછી 1 બેઠક અનામત
- ☞ ત્રણેય સ્તરે પક્ષના આધારે ચૂંટણી
- ☞ સ્થાનિક સ્તરે (ગ્રામ પંચાયત) પ્રત્યક્ષ ચૂંટણી
- ☞ ગ્રામસભાને બળવાન બનાવવી
- ☞ ત્રણેય સ્તરે સામાજિક ન્યાય સમિતિનું ફરજિયાત ગઠન

# 29 CHAPTER સંખ્યા પદ્ધતિ




$N \subset W \subset Z \subset Q \subset R$

❖ **વિભાજ્ય સંખ્યાઓ**

☞ એવી સંખ્યાઓ જેની પાસે 3 કે તેથી વધુ અવયવો હોય.
**ઉ.દા.,** 4, 6, 8 વગેરે.

## ❖ અવિભાજ્ય સંખ્યાઓ

☞ એવી સંખ્યાઓ જેની પાસે માત્ર બે જ અવયવો છે. 1 અને તે સંખ્યા પોતે.

ઉ.દા., 2, 3, 5, 7, 13 વગેરે.

- 1થી 25 સુધીમાં 9 અવિભાજ્ય સંખ્યાઓ છે.
- 26થી 50 સુધીમાં 6 અવિભાજ્ય સંખ્યાઓ છે.
- 51થી 75 સુધીમાં 6 અવિભાજ્ય સંખ્યાઓ છે.
- 76થી 100 સુધીમાં 4 અવિભાજ્ય સંખ્યાઓ છે.

## ❖ બેકી સંખ્યાઓ

☞ એવી પૂર્ણાંક સંખ્યા કે જેને 2 વડે નિઃશેષ ભાગી શકાય તેવી દરેક સંખ્યાને બેકી સંખ્યા કહેવાય છે.

ઉ.દા., {2, 4, 6, 8, 10...}

## ❖ એકી સંખ્યાઓ

☞ એવી પૂર્ણાંક સંખ્યા કે જેને 2 વડે નિઃશેષ ન ભાગી શકાય તેવી દરેક સંખ્યાને એકી સંખ્યા કહેવાય છે.

ઉ.દા., {1, 3, 5, 7, 9...}

## ❖ અગત્યની નોંધ

☞ સૌથી નાની પ્રાકૃતિક સંખ્યા 1 છે.

☞ સૌથી નાની અવિભાજ્ય સંખ્યા 2 છે.

☞ 2 એકમાત્ર બેકી અવિભાજ્ય સંખ્યા છે.

☞ સૌથી નાની એકી વિભાજ્ય સંખ્યા 9 છે.

☞ સૌથી નાની પૂર્ણ સંખ્યા 0 છે.

☞ સૌથી નાની વિભાજ્ય સંખ્યા 4 છે.

☞ 1 વિભાજ્ય કે અવિભાજ્ય નથી.

## ❖ ભાગાકારની ચાવીઓ

**[1]** **2ની વિભાજ્યની ચાવી :** જે સંખ્યાનો એકમનો અંક 0, 2, 4, 6, 8 હોય તેને 2 વડે ભાગી શકાય છે. અથવા કોઈપણ બેકી સંખ્યાને 2 વડે ભાગી શકાય છે.

ઉ.દા., **18, 32, 680**

**[2]** **3ની વિભાજ્યની ચાવી :** કોઈપણ સંખ્યાના અંકોનો સરવાળો 3 વડે વિભાજ્ય હોય તો તે સંખ્યા 3 વડે ભાગી શકાય.

ઉ.દા., **294**

અહીં, $2 + 9 + 4 = 15$

- અહીં મળતા જવાબ 15ને 3 વડે નિઃશેષ ભાગી શકાય છે આથી આપેલી સંખ્યાને 3 વડે નિઃશેષ ભાગી શકાય.

**[3]** **4ની વિભાજ્યની ચાવી :** આપેલ સંખ્યાના છેલ્લા બે અંક 4 વડે ભાગી શકાય તો તે સંખ્યાને 4 વડે ભાગી શકાય.

ઉ.દા., **2172**

- અહીં છેલ્લા બે અંક 72ને 4 વડે ભાગી શકાય આથી આપેલ સંખ્યા 2172ને 4 વડે ભાગી શકાય.

Toppersnotes Unleash the topper in you

[4] **5ની વિભાજ્યની ચાવી :** આપેલી સંખ્યામાં એકમના અંકમાં '5' અથવા '0' હોય તો તે સંખ્યાને 5 વડે ભાગી શકાય.

ઉ.દા., **825**

[5] **6ની વિભાજ્યની ચાવી :** આપેલી સંખ્યા 2 અને 3 વડે નિઃશેષ ભાગી શકાય તો તે સંખ્યા 6 વડે વિભાજ્ય છે.

ઉ.દા., **696**

- અહીં એકમનો અંક 6 છે જેથી તેને 2 વડે નિઃશેષ ભાગી શકાય તથા 6 + 9 + 6 = 21 જે 3 વડે નિઃશેષ ભાગી શકાય છે. આથી આપેલી સંખ્યા 696ને 6 વડે નિઃશેષ ભાગી શકાય.

[6] **8ની વિભાજ્યની ચાવી :** આપેલી સંખ્યાના છેલ્લા ત્રણ અંકોને જો 8 વડે ભાગી શકાય તો તે સંખ્યાને 8 વડે ભાગી શકાય.

ઉ.દા., **1104**

- અહીં આપેલ સંખ્યા 1104ના છેલ્લા ત્રણ અંક 104ને 8 વડે નિઃશેષ ભાગી શકાય છે. આથી આપેલ સંખ્યા 1104ને 8 વડે નિઃશેષ ભાગી શકાય.

[7] **9ની વિભાજ્યની ચાવી :** આપેલી સંખ્યાના અંકનો સરવાળો 9 વડે વિભાજ્ય હોય તો તે સંખ્યાને 9 વડે ભાગી શકાય.

ઉ.દા., **1224**

- અહીં 1 + 2 + 2 + 4 = 9 થાય છે. જે 9 વડે વિભાજ્ય છે. આથી 1224ને 9 વડે નિઃશેષ ભાગી શકાય.

[8] **10ની વિભાજ્યની ચાવી :** જો આપેલી સંખ્યાનો એકમનો અંક 0 હોય તો તે આપેલ સંખ્યાને 10 વડે નિઃશેષ ભાગી શકાય છે.

ઉ.દા., **350**

- 350માં એકમનો અંક 0 છે, તેથી 350 ને 10 વડે નિઃશેષ ભાગી શકાય છે.

[9] **11ની વિભાજ્યની ચાવી :** આપેલી સંખ્યામાં એકી સ્થાન પર રહેલા અંકોનો સરવાળો અને બેકી સ્થાન પર રહેલા અંકોના સરવાળાનો તફાવત 0 અથવા 11 વડે વિભાજ્ય હોય તો તે સંખ્યાને 11 વડે ભાગી શકાય છે.

ઉ.દા., **2618**

- અહીં એકી સ્થાનમાં રહેલા અંકો 2 અને 1નો સરવાળો 3 થાય છે અને બેકી સંખ્યામાં રહેલા અંકો 6 અને 8નો સરવાળો 14 થાય છે તથા એકી સ્થાનના અંકોનો સરવાળો અને બેકી સ્થાનના અંકોના સરવાળાનો તફાવત 14 – 3 = 11 મળે છે. જે 11 વડે વિભાજ્ય છે. આથી આપેલી સંખ્યા 2618ને 11 વડે નિઃશેષ ભાગી શકાય છે.

## ❖ નિરપેક્ષ મૂલ્ય

☞ કોઈપણ પ્રકારના ચિહ્નને ધ્યાનમાં લીધા સિવાયના સંખ્યાના આંકડાકીય મૂલ્યને સંખ્યાનું નિરપેક્ષ મૂલ્ય કહે છે.

ઉ.દા.,
- 6નું નિરપેક્ષ મૂલ્ય = 6
- 8નું નિરપેક્ષ મૂલ્ય = 8

## ❖ સ્થાનકિંમત (Place Value)

☞ કોઈપણ સંખ્યાના પ્રત્યેક અંકની કિંમત તેના સ્થાનના આધારે નક્કી કરવામાં આવે છે તેને તે અંકની સ્થાનકિંમત કહે છે.

**ઉ.દા., 5862માં**

- 5ની સ્થાનકિંમત 5000
- 8ની સ્થાનકિંમત 800
- 6ની સ્થાનકિંમત 60
- 2ની સ્થાનકિંમત 2

## ❖ દાર્શનિક કિંમત / અંક કિંમત / મૂળ કિંમત / Face Value

☞ કોઈપણ સંખ્યાના પ્રત્યેક અંકની કિંમત તેના સ્થાન પર આધાર રાખતી નથી તેની જે કિંમત હોય તે જ તેની મૂળકિંમત કહેવાય.

**ઉ.દા., 5862માં**

- 5ની મૂળકિંમત 5
- 8ની મૂળકિંમત 8
- 6ની મૂળકિંમત 6
- 2ની મૂળકિંમત 2

## ❖ વિરોધી સંખ્યા

☞ ઉ.દા.,
- 5 ની વિરોધી સંખ્યા = – 5
- –7 ની વિરોધી સંખ્યા = 7 થાય.

## ❖ વ્યસ્ત સંખ્યા

☞ ઉ.દા.,
- 5 ની વ્યસ્ત સંખ્યા = $\frac{1}{5}$
- $\frac{2}{3}$ ની વ્યસ્ત સંખ્યા = $\frac{3}{2}$ થાય.

## ❖ તટસ્થ સંખ્યા

☞ સરવાળા અને બાદબાકીની તટસ્થ સંખ્યા = 0 છે.

☞ ગુણાકાર અને ભાગાકારની તટસ્થ સંખ્યા = 1 છે.